## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**આ રશિયાવાળા... તેલનાં ડબ્બા લઈને યુદ્ધ કરવા જાતા લાગે છે... એટલે તેલના ભાવ વધારો આવશે નહીં...??**

# યુક્રેનમાં ફસાયેલા વધુ ૯૮ ગુજરાતી વિદ્યાર્થીઓ આજે ગાંધીનગરના આંગણે આવ્યા

ગાંધીનગર, તા.૪

યુક્રેનમાં ફસાયેલ ભારતીય વિદ્યાર્થીઓને પરત લાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ઓપરેશન ગંગા મિશનનો આરંભ કરવામાં આવ્યો છે. આ મિશન અંતર્ગત આજે દિલ્હીથી ગુજરાતના વધુ ૯૮ વિદ્યાર્થીઓ આવ્યા છે. આ વિદ્યાર્થીઓને ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે કેન્દ્રીય મત્સયઉધોગ અને પશુપાલન મંત્રી શ્રી પુરૂષોત્તમ રૂપાલા અને શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ પુષ્પ ગુચ્છ આપીને આવકાર્યા હતા.



કેન્દ્રીય મત્સયઉધોગ અને પશુપાલન મંત્રી શ્રી પુરૂષોત્તમ રૂપાલા અને શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ દિલ્હીથી વોલ્વો બસમાં ગુજરાતના પાટનગર ગાંધીનગરના સરકીટ હાઉસ ખાતે આવેલા ગુજરાતના દીકરા- દીકરીઓને પુષ્પ ગુચ્છ આપીને આવકાર્યા હતા. તેમના ક્ષેમ કુશળ પૂછ્યા હતા. શિક્ષણ મંત્રીશ્રીએ આ યુવાનો સાથે સંવાદ પણ કર્યો હતો. તેમજ રાજ્ય સરકાર તેમની મદદ માટે તતપર છે, તેનો સધિયારો વાલીઓને આપ્યો હતો.

આજે ગાંધીનગરના આંગણે યુક્રેનથી દિલ્હી આવેલા કુલ- ૯૮ વિદ્યાર્થીઓને વોલ્વો બસમાં લાવવામાં આવ્યા હતો. જેમાં વોલ્વો બસ- ૧ માં ૩૭, વોલ્વો બસ- ૨ માં ૩૭ અને વોલ્વો બસ – ૩ માં ૨૩ વિદ્યાર્થીઓ આવ્યા હતો. જેમાં સુરત જિલ્લાના ૨૦, વડોદરા જિલ્લાના ૭, અમરેલી જિલ્લાના ૨, બોટાદ જિલ્લાના ૧, કચ્છ જિલ્લાના – ૧, નર્મદા જિલ્લાના – ૧, આણંદ જિલ્લાના -૮, અરવલ્લી જિલ્લાના ૩, વલસાડ જિલ્લાના ૨, ભરૂચ જિલલાના – ૨, ગીર સોમનાથ જિલ્લાના ૧, અમદાવાદ જિલ્લાના ૧૩, ભાવનગર જિલ્લાના ૪, જામનગર જિલ્લાના ૨, ખેડા જિલ્લાના ૩, મહેસાણા જિલ્લાના ૬, રાજકોટ જિલ્લાના ૫, મહિસાગર જિલ્લાના ૪, બનાસકાંઠા જિલ્લાના ૬, પાટણ જિલ્લાના ૩ અને સુરેન્દ્રનગર જિલ્લાના ૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર મનપાના કમિશનર અને ગુડાના ચેરમેન ડૉ. ધવલ પટેલે આજે કુડાસણ-કોબા વિસ્તારની નગર રચના નં. ૩ અને ૪ ની મુલાકાત લઈ ત્યાં ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતુ.

● અધિકારીઓની બદલીનો ગંજીફો ચીપાશે કે નહિ તેને લઈ હવે અટકળો અને ચર્ચાઓ ચાલી રહી છે.

● વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૧ અને ૧૨ તારીખના ગુજરાતના સૂચિત પ્રવાસને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

● જિલ્લાકક્ષાના એપ્રેન્ટીસ ભરતી મેળાનું ૧૦મી માર્ચે આયોજન કરવામાં આવ્યું છે.

● જન ઔષધિ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજે કેન્દ્રીય રાજ્યમંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ સે. ૨૪ની મુલાકાતે ગયા હતા.

● ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટતાં તંત્રએ રાહત અનુભવી છે.

● ગાંધીનર શહેરમાં જુના સેક્ટરોમાં ડોર ટુ ડોર કલેક્શન માટે ફરતી ગાડીઓના સમયમાં ફેરફાર આવતાં લોકોમાં ગણગણાટ શરૂ થયો છે.

● ગાંધીનગર જિલ્લામાં છાશના વેચાણમાં વૃદ્ધિ જોવા મળી રહી છે.

● ૮મી માર્ચના રોજ વિશ્વ મહિલા દિવસની ઉજવણીને લઈ વિવિધ કાર્યક્રમોના આયોજનો હાથ ધરવામાં આવ્યા છે.

● પંચાયત સેવા પસંદગી મંડળના સભ્યપદેથી પ્રશાંતભાઈ વાળા અને નીતિનભાઈ પટેલે આપેલા રાજીનામાનો સરકારે સ્વીકાર કર્યો છે.

### ચિલોડા-હિંમતનગર હાઈ વે પર

# મહારાજ હોટલ પાસે મહિલાના ગળામાંથી સોનાના ડોકીયાની ચીલઝડપ

ગાંધીનગર, તા.૪

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર મજરા પાસે આવેલી મહારાજા હોટલ પાસે બાઈક પરથી દંપતિ પસાર થઈ રહ્યું હતું. તે સમયે એએસઆઈના પત્નીના ગળામાંથી અચાનક સોનાનું ડોકીયુ તોડીને શખ્સો બાઈક પર રફુચક્કર થઈ ગયા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ નવા નરોડા અને વડોદરા અકોટા રેલ્વે પોલીસ લાઈનમાં રહેતા શારદાબેનના પતિ નરસિંહભાઈ ચાવડા રેલ્વે પોલીસમાં એએસઆઈ તરીકે ફરજ બજાવે છે. નવા નરોડા થી તેઓ ગત તા.૧૧ ફેબુઆરીના રોજ બપોરના સમયે દંપતિ બાઈક પર તાજપુર કુઈ રહેતા સાળાના ઘરે જમવા માટે જઈરહ્યા હતા. તે સમયે ચિલોડા-હિંમતનગર હાઈ વે પર મજરા પાસે આવેલી મહારાજા હોટલ નજીક ભર બપોરે અચાનક પાછળથી બાઈક લઈને આવેલા બે શખ્સોએ પૈકી પાછળ બેઠેલા શખ્સે શારદાબેનના ગળામાં પહેરેલ સોનાનું ડોકીયુ તોડી લીધુ હતુ અને દંપતિ કંઈ સમજે કે વિચારે તે પહેલા પેલા શખ્સો બાઈક લઈને નાસી ગયા હતા. ડોકીયુ તુટતા શારદાબેને હોહા કરી હતી પરંતુ ચોર શખ્સો આંખના પલકારામાં ગાયબ થઈ ગયા હતા. રેલ્વે પોલીસમાં નોકરી અને દિકરીનો અભ્યાસ હોવાથી તાજપુર કુઈ થી તેઓ ઘરે જતા રહ્યા હતા. ત્યારબાદ શારદાબેન ચાવડાએ ચિલોડા પોલીસ મથકે રૂ.૬૮ હજારની કિંમતનુ સોનાનું ડોકીયુ લુંટી લઈ ગયાની ફરીયાદ નોંધાઈ છે.



### ગુજરાત સરકાર બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના વેલફેર ફંડમાં ૬ કરોડ આપશે

ગુજરાત સરકાર દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના વેલફેર ફંડમાં રૂ ૬ કરોડ આપવાની જાહેરાત કરવામાં આવી છે. જયારે આ બદલ વકીલ હીતના કાર્યોમાં કાર્યરત પ્રદેશ ભાજપ લીગલ સેલના સંયોજક જે જે પટેલ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ,નાણાંમંત્રી કનુભાઈ દેસાઈનો વકીલોએ આભાર વ્યકત કર્યો છે. અગાઉ પણ સરકારે ઈ લાયબ્રેરી તેમજ એડવોકેટસ વેલફેર માટે ૭ કરોડના ફંડની ફાળવણી કરી હતી. રાજ્ય સરકાર વકીલોની વેલફેર પ્રવૃત્તિઓ માટે હંમેશા સહયોગ આપતી રહે છે.

## દિવ્યાંગ સમુહ લગ્નોત્સવ દરમિયાન આજે રકતદાન શિબિર

ગાંધીનગર તા ૪

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના અને એસોસિએશન ફોર સોશિયલ વેલફેર એન્ડ ડેવલોપમેન્ટના સંયુકત ઉપક્રમે આજે સે-૨૨ રંગમંચ ખાતે દિવ્યાંગ સમુહ લગ્નોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ અન્વયે ૧૧ દિવ્યાંગ કન્યાઓ પ્રભુતામાં પગલા પાડશે . આ ઉમદા આયોજન અન્વયે સંસ્તા દ્વારા સમાજ સેવાને અનુલક્ષી વધુ એક સેવા કાર્યનુ આયોજન કરવામાં આવ્યુ છે જેમાં સવારે ૮ થી ૧ રકતદાન શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ રકતદાન શિબિરમાં નગરના રકતદાતાઓએ ઉમળકાભેર રકતદાન કરવા તેમજ દિવ્યાંગ કન્યાઓને આર્શીવાદ આપવા માટે પણ લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિનાના મમતા રાવલે નગરજનોને અપીલ કરી છે.

# સગીરા સાથે સંભોગ કરવાના ગુન્હામાં આરોપીને ૧૦ વર્ષની સજા ભોગવવા પોકસો કોર્ટનો આદેશ

ગાંધીનગર તા ૪

કલોલ તાલુકાના બોરીસણા ગામમાં સગીરાને લલચાવી ફોસલાવી વાલીપણાંમાંથી ભગાડીને લઈ જઈને તેણીની સાથે શારીરિક સંભોગ કરવાના ગુન્હામાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સગીરાને લલચાવી ફોસલાવી આરોપી દલસુખ શૈલેષ વસાવા નામનો આરોપી ભગાડી લઈ ગયો હતો ત્યારબાદ આરોપીએ તેણી સાથે વારંવાર સંભોગ કર્યો હતો. આ મામલે કલોલ તાલુકા પોલીસે ફરિયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જયારે આ કેસ મામલે ગાંધીનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાર્જશીટ રજુ થતા કેસ કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવી હતી જયારે સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલો કરી હતી જેમાં તેમણે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ કે સમાજમાં દાખલો બેસે તે મુજબ આરોપીને સખત સજા થવી જોઈએ સરકારી વકીલની દલીલો તેમજ પુરાવાને ધ્યાનમાં રાખીને જજ એસ એન સોલંકીએ આરોપીને ઈ પી કો કલમ ૩૭૬(૧) માં મુજબ ૧૦ વર્ષની સજા તેમજ રૂ ૧૦ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

## ઝુંડાલ સર્કલ પાસે અકસ્માતગ્રસ્ત ગાડીમાંથી દારુ-બિયરનો જથ્થો ઝડપાયો

અડાલજ પોલીસ મથકના જવાનો નાઈટ પેટ્રોલીંગમાં હતા તે સમયે અન્નપૂર્ણા સર્કલ પર આવતા ઝુંડાલ તરફના મોંઢાની એક ગાડી સર્કલને અથડાયેલી હાલતમાં પડી હતી. પોલીસે ગાડી નં. જી.જે.૨૭.સી.-૬૧૩૭ ની આસપાસ ચેક કરતા ચાલક દેખાયો ન હતો.જેને પગલે પોલીસે ગાડીમાં અંદર ચેક કરતા દારુની બોટલ નંગ-૯, કવાટર્ર નંગ-૧૯૬, બીયરના ટીન નંગ-૭૪ મળી કુલ રૂ.૨૮,૪૯૬ અને વેન્ટો ગાડી કિં. ૨ લાખ મળી કુલ રૂ.૨,૨૮,૪૯૬ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## કરશનપુરા ગામની સીમમાં જુગાર રમતા જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર,તા.૪

ગાંધીનગર નજીક ટીટોડા કરશનપુરા ગામની સીમમાં ખરાબાની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૫ જુગારીઓને પેથાપુર પોલીસે પકડી પાડ્યા છે. જેમાં વિનુજી પુજાજી ઠાકોર, રણજીત મણાજી ઠાકોર, ભરતજી ગાભાજી ઠાકોર, નિકુલ ભીમાજી ઠાકોર અને લાલાજી બેચરજી ઠાકોર (રહે.તમામ ટીંટોડા)નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ.૧૩,૭૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## જમીયતપુરા પ્રભા હનુમાન મંદિર પાસેથી પ્લેઝર મોપેડની ચોરી

ગાંધીનગર, તા.૪

અડાલજ જમીયતપુરા પ્રભા હનુમાનજી મંદિરના ગેટ પાસેથી સવારના સમયે ટું-વ્હીલરની ચોરી થવા પામી છે. દર્શાનાર્થી દર્શન કરીને પરત ફરે ત્યાં સુધીમાં તો વાહન ચોરી કરી ચોર શખ્સો લઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ નારણપુરા અંબિકા એપાર્ટમેન્ટ ૬૪-૭૬૨ ખાતે રહેતા પ્રકાશભાઈ વિષ્ણુભાઈ દરજી (ઉં.૪૦) પોતાના પરિવાર સાથે રહે છે અને નવા વાડજ ભાવસાર હોસ્ટેલ પાસે પ્રકાશ ટેલર્સ નામે કપડા સિવવાની દુકાન ચલાવે છે. જયારે પ્રકાશભાઈને દુકાને આવન જાવન માટે જી.જે.૦૧.એન.યુ.-૯૨૪૮ હીરો પ્લેઝરનો ઉપયોગ કરતા હતા. ત્યારે ગત તા. ૨ માર્ચના રોજ અડાલજ જમીયતપુરા નજીક સ્વામીનારાયણ પર્વની અંદર મારા પિતાજીને પુજામાં બેસવાનું હોવાથી સવારના સાડા છ વાગે લઈ ગયો હતો.તે સમયે હીરો પ્લેઝર મંદિર બહાર પાર્ક કર્યુંહતું. ત્યારબાદ પુજા પુરી થયા બાદ ગેટ પાસે આવતા જોયુ તો હીરો પ્લેઝર વાહન ક્યાંક દેખાયુ ન હતું. પાર્ક કરેલી જગ્યા પર અન્ય વાહનો પણ ખડકાઈ ગયા હતા. જેથી આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી.પંરતુ ટુ વ્હીલર મળી ન આવતા આખરે રૂ.૩૦ હજારના વાહન ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

### રક્ષાશકિત સર્કલ પાસે ગાડીમાં દારૂના જથ્થા સાથે બે ઝડપાયા

# એલસીબી-૨ પોલીસે રૂ.૪.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી

ગાંધીનગર, તા.૪ ફોટો

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમાન રક્ષાશકિત સર્કલ પાસેથી એલસીબી પોલીસે ગાડીમાંથી વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો છે. પોલીસે રૂ.૭૨,૪૨૦ ની કિંમતની દારૂ-બિયરની નંગ-૧૫૩, બે મોબાઈલ અને ગાડી મળી કુલ રૂ.૪.૭૫ લાખના જથ્થા સાથે બે શખ્સોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રક્ષાશકિત સર્કલ પાસે ટ્રાફિક નિયમન માટે ચોતરફ પોલીસના જવાનો ખડે પગે હોય છે. એલસીબી-૨



પોલીસને રક્ષાશકિત દારુની હેરાફેરી અંગે બાતમી મળી હતી. જેથી પોલીસના જવાનો વોચમાં ગોઠવાઈ ગયા હતા. તે સમયે બાતમીવાળી ગાડી દેખાતા તેને અટકાવી સ્વીફટ કાર નં.જી.જે.૦૧.કે. આર. ૭૫૫૮ માં તપાસ કરી હતી. કારમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ-૧૨૯ તેમજ ૨૪ નંગ બિયરના ટીન મળી આવ્યા છે. જેથી કારમાં રહેલા બે શખ્સોને પુછપરછ કરતા તેમણે પોતાનુ નામ લીલારામ ઉર્ફે નિલેશ પંડવાલા અને અક્ષય ઘટુલાલ પંડવાલા (રહે.ડુંગરપુર રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. પોલીસે શખ્સોની કડકાઈથી પુછપરછ કરતા આંતરરાજય હેરાફેરી કરી વિદેશી દારૂનો જથ્થો ગાડીમાં ભરી લાવ્યા હોવાની કબુલાત કરી હતી. પોલીસને આ શખ્સો પાસેથી બે મોબાઈલ ફોન, દારૂની નાની મોટી બોટલ સહિત બિયર મળી કુલ નંગ-૧૫૩ તેમજ રૂ.૪ લાખની ગાડી મળી કુલ રૂ.૪,૭૪૯૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા, દ્વારા જિલ્લા કક્ષાના એપ્રેન્ટિસ ભરતી મેળાનું આયોજન ગાંધીનગર ખાતે કરાયું

ગાંધીનગર, તા.૪

ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.), સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાના એપ્રેન્ટિસ ભરતી મેળાનું આયોજન તા. ૧૦મી માર્ચ, ૨૦૨૨ ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે હોસ્ટેલ બિલ્ડીંગ ખાતે કરવામાં આવ્યું છે.

જેમાં આઈ.ટી.આઈ. પાસ, FT, MH, WM, TR, CNC, ET, ETN, PPO, IM, COPA, MMV y™u MD ટ્રેડના તાલીમાર્થીઓ માટે એપ્રેન્ટિસની તક લઈને ખ્યાતનામ કંપનીઓના આવશે. ઉપરોક્ત ટ્રેડના પાસ આઉટ તાલીમાર્થીઓને એપ્રેન્ટિસ ભરતી મેળામાં માર્કશીટ સાથે હાજર રહેવા આચાર્ય શ્રી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગરે જણાવ્યુંછે.

# ગાંધીનગરમાં 'આપ' મૌન રેલી યોજી મહિલા અત્યાચારો વિરુદ્ધ 'અવાજ' ઉઠાવશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં આગામી તા. ૮મી માર્ચ, મંગળવારે આંતરાષ્ટ્રીય મહિલા દિવસે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, મહિલા સ્વૈચ્છિક સંસ્થાઓ અને રાજકીય પક્ષો વગેરે દ્વારા ઉજવણીની તૈયારીઓ કરવામાં આવી રહી છે જેમાં ક્યાંક મહિલાઓને સન્માનવાનો કાર્યક્રમ તો ક્યાંક મહિલા રમતોત્સવ તો ક્યાંક સંગીતમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જોકે આમ આદમી પાર્ટી દ્વારા મહિલા દિવસે રાજ્યભરમાં ગુજરાતમાં મહિલાઓ પર વધી રહેલા અત્યાચારના વિરોધમાં પ્રતિકાત્મક રીતે મોં પર કાળી પટ્ટી બાંધી મૌન રેલી યોજવાનું આયોજન કરી રહી છે જે અંતર્ગત ગાંધીનગરમાં પણ રેલી યોજાશે. આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ તુષારભાઈ પરીખે જણાવ્યું હતું કે પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ગૌરીબેન દેસાઈ દ્વારા આગામી આંતરાષ્ટ્રીય મહિલા દિવસે ગુજરાતમાં મહિલાઓ પર થઈ રહેલા અત્યાચારોના વિરોધમાં પ્રતિકાત્મક રીતે મોં પર કાળી પટ્ટી બાંધી મૌન રેલી યોજવાનું જણવાયું છે જે અંતર્ગત ગાંધીનગરમાં પણ રેલી યોજાશે. આ રેલીમાં રજ્યમાં પોલીસ અને સરકાર મહિલા સુરક્ષાના કામમાં નિષ્ફળ રહી હોવાને કારણે ગુજરાતમાં રોજબરોજ મહિલાઓ વિરુદ્ધ અત્યાચાર વધી રહ્યો છે. ગુજરાતમાં મહિલાઓની પીડાને વાચા આપવા માટે આંતરાસ્ટ્રીય મહિલા દિવસે દરેક જીલ્લા તેમજ મહાનગરમાં આપ પાર્ટીના દરેક મહિલા તેમજ પુરુષ કાર્યકર્તાઓ દ્વારા મ્હોં પર કાળી પટ્ટી બાંધી મૌન રેલીનું આયોજન કરવા માટે તમામ પદાધિકારી કાર્યકર્તાઓને વિનંતી કરવામાં આવી છે. રેલીના સ્થળ અને આયોજન અંગે તેમણે શહેર મહિલા પ્રમુખ રીનાબેન રાવલનો સંપર્ક સાધવા જણાવ્યું હતું. આ અંગે રીનાબેન રાવલે જણાવ્યું હતું કે "આમ આદમી પાર્ટી રાજયમાં મહિલાઓ વિરુદ્ધ અત્યાચારો સામે વિરોધ પ્રદર્શનના ભાગરૂપે ગાંધીનગરમાં પણ કાળી પટ્ટી ધારણ કરીને મૌન રેલી યોજશે પરંતુ તેનું સ્થળ અને સમય હજુ નિયત કરાયાં નથી. અત્રે ઉલ્લેખનીય છે કે આમ આદમી પાર્ટીના મહિલા પ્રદેશ પ્રમુખ ગૌરીબેન દેસાઈએ આપેલી સૂચના અનુસાર માર્કેટ કે ભીડભાડવાળા વિસ્તારમાં જ ઓછામાં ઓછી ૨ કિમી લાંબી મૌન રેલીને યોજવા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓને તાકીદ કરી છે જેમાં ખાસ કરીને જીલ્લા-મહાનગરની મહિલા વિંગ તેમજ મુખ્ય વિંગ સહિત તમામ મોર્ચાના પદાધિકારીઓએ સહયોગ કરી કાર્યક્રમને સફળ બનાવવા વિનંતી કરવામાં આવી છે.

# શ્રી ગાયત્રી વિદ્યામંદિર લીહોડા ખાતે સાયકલ વિતરણ કરાયું..





ચિલોડા, તા. ૪

ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં ધોરણ-૯ માં અભ્યાસ કરતી કુલ ૩૧ વિદ્યાર્થીનીઓને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા મંજૂર થયેલ સાયકલનું વિતરણ શાળાના સ્ટાફની હાજરીમાં કરવામાં આવ્યું. સાયકલ મળતા જરૂરીયાતમંદ વિદ્યાર્થીનીઓ ખુશખુશાલ જોવા મળી હતી.

## મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં સાયકલ વિતરણ કાર્યક્રમ યોજાયો.




ચિલોડા, તા. ૪

ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યા વિહારમાં ધોરણ-૯ માં અભ્યાસ કરતી કુલ ૩૧ વિદ્યાર્થીનીઓને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા મંજૂર થયેલ સાયકલનું વિતરણ શાળાના સ્ટાફની હાજરીમાં કરવામાં આવ્યું. સાયકલ મળતા જરૂરીયાતમંદ વિદ્યાર્થીનીઓ ખુશખુશાલ જોવા મળી હતી.